PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/3338 - 1 તારીખ : 17-10-2023

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
શ્રી હિતેશભાઈ એમ. કથીરિયા (નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ)
પ્લોટ. નં. E-106 AB, મેટોડા-GIDC,
મું. પો. : મેટોડા, તા. : લોધિકા, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૧
મોબાઈલ : ૯૫૩૭૩૪૮૬૬૭

વિષય : LT કનેકશનમાં લાઈટબીલ વધારે આવવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૨/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મેટોડા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૨/ક્વા-૨/૨૩-૨૪/3338-1 તા. 17-10-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૨/ક્વા-૨/૨૩-૨૪, તા.૧૧-૦૯-૨૦૨૩

અરજદાર : હિતેશભાઈ એમ. કથીરિયા, ગામ: મેટોડા

રજૂઆત કરનાર : અરજદાર હિતેશભાઈ એમ. કથીરિયા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી,કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

:: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

3) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૬.૧૦.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬.૧૦.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી હિતેશભાઈ એમ. કથીરિયાની રજૂઆત મુજબ નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝના નામે ગ્રાહક નં નં.૮૮૨૪૯/૦૨૪૪૧/૯ થી ૫૯ કિ.વો.નું LTMD વીજજોડાણ પ્લોટ નં. E-૧૦૬-AB, મેટોડા-GIDC, તા.લોધિકા જી.રાજકોટ ખાતે ધરાવે છે.

GIDC રાજકોટ ના ઓફીસ હુકમ નં-૪૯૭ તા.૧૬-૦૩-૨૦૨૨ મુજબ પ્લોટ નં ૧૦૬-B, ખાતે રોહિતભાઈ જાદવભાઈ ભુતના નામે એલોટ કરેલ હતી, જે નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ (પ્રોપરાઈટરશીપ શ્રી હિતેશભાઈ મગનભાઈ કથીરિયાના નામે તા.૧૬-૦૩-૨૦૨૨ થી ટ્રાન્સફર અસરકર્તા કરેલ.

૨.૧ સદર અરજદાર દ્વારા ગ્રાહક નં.૮૮૨૪૯/૦૨૪૪૧/૯ ના વીજજોડાણમાં નામ બદલીની અરજી કરેલ હતી. તેનું ભાવપત્રક તા.૦૧-૦૫-૨૦૨૩ મુજબ રકમ રૂ.૧૩૩૫૧/- તા.૨-૫-૨૦૨૩ ના રોજ ભરપાઈ કરેલ છે.

૨.૨ અરજદારને વીજબીલ જુલાઈ-૨૩ ના બીલમાં રૂ.૧૦૭૮૬૬/- બાકી બીલ પીજીવીસીએલ દ્વારા ઉમેરેલ છે, પરંતુ પીજીવીસીએલ કંપનીના સોફ્ટવેર સિસ્ટમ મુજબ એક પૈસા ભરવાનો થતો નથી, જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદાર એલ.ટી.એમ.ડી. વીજજોડાણ ગ્રાહક નં. ૮૮૨૪૯-૦૨૪૪૧-૯, તા.૩-૧૨-૨૦૦૪ ના રોજ રોહિતભાઈ જાદવભાઈ ભુતના નામથી રીલીઝ થયેલ, તે સમયે તેનો કરારીત લોડ ૬૦ હોપા હતો. ત્યારબાદ તા.૧૬-૦૩-૨૦૨૨ ના રોજ નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝના નામે ટ્રાન્સફર થયેલ છે.

૨. સદર કનેક્શનમાં મીટરમાંથી નીકળતા કેબલમાં સ્પાર્કીંગ બાબતની તા.૧૩-૧-૨૦૨૨ની ગ્રાહકની અરજીના આધારે પીજીવીસીએલની મેટોડા કચેરી દ્વારા તા.૧૫-૧-૨૦૨૨ ના રોજ ચેકિંગ શીટ નં. RRC ૪૩૮૦૯૪ થી તેઓનું હયાત (જુનું) મીટર નં. PG0૧૯0૧૩ ઉતારીને પર્ફોમાં-૧૫ નં.૨૧૧૩૯૮ (એનેક્ષર-૧) મુજબ નવું મીટર નં.PG0૧૯૧0૧૧ થી મુકવામાં આવેલ અને જુનું મીટર નં.PG ૦૧૯૦૧૩ ચકાસણી અર્થે મીટર ટેસ્ટીંગ લેબમાં મોકલી આપવામાં આવેલ, તે સમયે ગ્રાહકનો કરારીત લોડ ૪૯.૫૦ કી.વો. હતો.

૩. લેબ રીપોર્ટ નં.૧૧૩ તા.૧૧-૨-૨૦૨૨ ના મીટર ચકાસણી રોજકામ મુજબ RRD મીટર લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતીનીધી શ્રી ભુત રોહીતભાઈની હાજરીમાં પડીકા નં.-૬૬ માં પેક કરેલ મીટર નં.PG0૧૯0૧૩ નું લેબ પરીક્ષણ કરવામાં આવેલ તે મુજબ મિટરમાં ૧૧૯૧૯૨૦ રીડીંગ નોંધાયેલ અને મીટર બરાબર માલુમ પડેલ (એનેક્ષર-૨). પરંતુ જે તે સમયે **145 PRT** (એનેક્ષર-3) મુજબ છેલ્લું બીલીંગ ૧૧૭૭૨૮૪ kwh થી લેબ રીપોર્ટ નં.૧૧૩ મુજબ મીટરમાં આવેલ છેલ્લા રીડીંગ ૧૧૯૧૯૨૦ ના ડીફરન્સ યુનિટ ૧૪૬૩૬ kwh સદર ગ્રાહકના એકાઉન્ટમાં ડેબીટ કરવાના રહી ગયેલ હતા.

૪. નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૦૨૨ માં સદર કનેક્શનમાં સતત વીજભાર વપરાશ વધારે આવતા તા.૨૫-૩-૨૩ ના રોજ સુઓ-મોટો મુજબ અંદાજપત્ર ગ્રાહક ખાતે ઉધારી (એનેક્ષર-૪) લોડ વધારો ૪૯.૫૦ કી.વો. માંથી ૫૯ કી.વો. કરવામાં આવેલ.

૫. ગ્રાહકની અરજી મુજબ તા.૧૬-૦૩-૨૦૨૨ ના રોજ સદર જગ્યાનું વેચાણ થતા નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ (પ્રોપરાઈટર શ્રી હિતેશભાઈ એમ. કથીરિયા) એ ખરીદ કરેલ અને તેઓ દ્વારા સદર કનેક્શનમાં નામ રોહિતભાઈ જાદવભાઈ ભુત માંથી નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ (પ્રોપરાઈટર શ્રી હિતેશભાઈ એમ. કથીરિયા) નામ બદલી કરવા માટે તા.૧૦-૦૪-૨૩ ના રોજ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. જેના અનુસંધાને પીજીવીસીએલની ઓફિસ દ્વારા SR અંદાજપત્ર નં.૧૬૦૪૯૪૪૫ નું જાવક નં.૧૮૬૩ થી તા.૧-૫-૨૦૨૩ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ અને તે FQ અરજદાર દ્વારા તા.૨-૫-૨૩ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને તા.૦૫-૦૫-૨૦૨૩ ના રોજ સદર કનેક્શનમાં નામ રોહિતભાઈ જાદવભાઈ ભુત માંથી નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ (હિતેશભાઈ એમ. કથીરિયા) કરવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૬. ત્યારબાદ મે-૨૦૨૩ માં રૂરલ સર્કલ ઓડીટ ટીમ દ્વારા વિભાગીય કચેરીનું એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨ ના રેકોર્ડ ઓડીટ કરતા રૂરલ સર્કલના પત્ર નં.IA/RRC/ઓડીટ રીપોર્ટ/૨૪ તા.૦૧.૦૬.૨૦૨૩ ઓડીટ રીપોર્ટ ના પારા નં. (૧.૪) અનેક્ષર-"સી" ના ક્રમાંક ૧૦ (એનેક્ષર-૫) મુજબ સદર કનેક્શનમાં લેબ પેન્ડીંગ યુનિટ ૧૪૬૩૬ માલુમ પડતા તેના રૂ.૧૦૭૮૬૭.૩૨ રીકવરી કાઢેલ. જે અન્વયે પર્ફોમાં-૧૫ નં.૨૧૧૩૯૮, લેબ રીપોર્ટ નં.૧૧૩ મુજબ મીટર નં.૧૯૦૧૩ નુ રીડીંગ ૧૧૯૧૯૨૦ હોય અને ૧૪૫ PRT મુજબ મીટર નં.૧૯૦૧૩ નુ રીડીંગ ૧૧૭૭૨૮૪ હોય તફાવતના ૧૪૬૩૬ યુનીટ લેવા પાત્ર છે, તેની પૂર્ણ ખરાઈ કર્યા બાદ ગ્રાહકના ખાતામાં તા.૨૬.૦૬.૨૦૨૩ ના રોજ ડેબિટ એડજસ્ટમેન્ટ દ્વારા નીચે મુજબની રકમ ઉધારવામાં આવેલ હતી.

| | |
|---|---|
| એનર્જી ચાર્જ રૂ. | ૬૭૩૨૫.૬૦ |
| ફ્યુઅલ ચાર્જ રૂ. | ૩૦૭૩૫.૬૦ |
| ઈલે. ડયુટી રૂ. | ૯૮૦૬.૧૨ |
| કુલ ભરવાપાત્ર રકમ રૂ. | ૧૦૭૮૬૭.૩૨ |

૭. વિશેષમાં અરજદાર દ્વારા પીજીવીસીએલ ની સિસ્ટમ બાબત પ્રશ્ન ઉઠાવાવમાં આવેલ છે તે સંદર્ભે સ્પષ્ટતા કરવાની કે સદર પેન્ડીંગ યુનીટ (તા.૧૧-૨-૨૦૨૨ ના મીટર ચકાસણી રોજકામ મુજબ) ની રકમ ગ્રાહક દ્વારા નામફેરની અરજી કરેલ તે સમયે ગ્રાહક ના ખાતે ઉધારેલ ન હોય સિસ્ટમ દ્વારા S.R. પડવાની પ્રક્રિયા અટકાવવામાં આવેલ ન હતી. પરંતુ જો તે સમયે સદર રકમ ગ્રાહક ખાતે ડેબિટ થયેલ હોત તો તે સંપૂર્ણ ભરપાઈ થયા બાદ જ નામફેરની પ્રક્રિયા શરુ થઇ શકી હોત.

આમ, ઉપરોક્ત દસતાવેજી પુરાવાઓને ધ્યાને લેતા ખ્યાલ આવે કે પીજીવીસીએલ ને જે રકમ માહે જાન્યુ ૨૨ માં મળવાપાત્ર હતી તે રકમ હાલ જુલાઈ-૨૩ માં મળેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી હિતેશભાઈ એમ. કથીરિયા ગ્રાહક નં.૮૮૨૪૯-૦૨૪૪૧-૯ થી ૫૯ કીવોનું કરારીત વીજજોડાણ ચાલુ છે.

૪.૨ અરજદારના સદર વીજજોડાણના માહે જુલાઈ-૨૦૨૩ તા.૨૦-૦૭-૨૦૨૩ ના વીજબીલમાં એરીયર્સની રકમ રૂ.૧૦૭૮૬૬.૫૨ ઉમેરેલ છે, જે રકમ અરજદારની રજૂઆત મુજબ સદર વીજજોડાણમાં તા.૦૨-૦૫-૨૦૨૩ ના રોજ નામ બદલીનુ ભાવપત્રક ભરપાઈ કરેલ ત્યારે કોઈ બાકી લેણી રકમ ન હોય, સદર રકમ ભરપાઈ કરવાની થતી નથી. આમ, સદર બાબતે અરજદારને અન્યાય લાગતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ વીજજોડાણ ગ્રાહક નં ૮૮૨૪૯-૦૨૪૪૧-૯ તા.૩-૧૨-૨૦૦૪ ના રોજ રોહિતભાઈ જાદવભાઈ ભુતના નામથી રીલીઝ થયેલ, તે સમયે તેનો કરારીત લોડ ૬૦ હોપા હતો. ત્યારબાદ અરજદારની નામ બદલીની અરજી મુજબ સદર જગ્યા નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝના નામે તા.૧૬-૦૩-૨૦૨૨ થી ટ્રાન્સફર થતા નિયમાધીન નામ બદલી તા.૦૫-૦૫-૨૦૨૩ થી રોહિતભાઈ જાદવભાઈ ભુતના નામથી નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝના નામે તબ્દીલ થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ સદર વીજજોડાણના મીટરમાંથી નીકળતા કેબલમાં સ્પાર્કીંગ બાબતની તા.૧૩-૧-૨૦૨૨ની અરજીના આધારે મેટોડા ઓફીસ દ્વારા તા.૧૫-૧-૨૦૨૨ ના રોજ ચેકિંગ શીટ નં. RRC ૪૩૮૦૯૪ થી તેઓનું હયાત (જુનું) મીટર નં. PG૦૧૯૦૧૩ ઉતારીને પર્ફોમાં-૧૫ નં.-૨૧૧૩૯૮ મુજબ નવું મીટર નં. PG૦૧૯૧૦૧૧ થી મુકવામાં આવેલ અને જુનું મીટર નં. PG૦૧૯૦૧૩ ચકાસણી અર્થે ચકાસણી માટે લેબમાં મોકલી આપવામાં આવેલ, તે સમયે ગ્રાહકનો કરારીત લોડ ૪૯.૫૦ કી.વો. હતો. જેના લેબ રીપોર્ટ તા.૧૧-૦૨-૨૦૨૨ મુજબ મીટરમાં ૧૧૯૧૯૨૦ રીડીંગ નોધાયેલ અને મીટર બરાબર માલુમ પડેલ.

સદર અરજદાર ગ્રાહકના પી.આર.ટી. ૧૪૫ મુજબ ૧૧૭૭૨૮૪ થી ડીફરન્સ ૧૪૬૩૬ યુનિટ (૧૧૯૧૯૨૦ – ૧૧૭૭૨૮૪) સદર ગ્રાહકના એકાઉન્ટમાં ડેબીટ કરવાના રહી ગયેલ હતા, જે બાબત મે-૨૦૨૩ માં રૂરલ સર્કલ ઓડીટ ટીમ દ્વારા ગ્રામ્ય વિભાગીય કચેરીનું એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨ ના રેકોર્ડ ઓડીટ કરતા

રૂરલ સર્કલના પત્ર નં. IA/RRC/ઓડીટ રીપોર્ટ /૨૪ તા.૦૧.૦૬.૨૦૨૩ ઓડીટ રીપોર્ટના પર નં. (૧.૪) (અનેક્ષર-સી) ના ક્રમાંક ૧૦ (એનેક્ષર-૫) મુજબ સદર કનેકશનમાં લેબ પેન્ડીગ યુનિટ ૧૪૬૩૬ માલુમ પડતા તેના ૧૦૭૮૬૭.૩૨ રીકવરી કાઢેલ જેની ખરાઈ કર્યા બાદ ગ્રાહકના ખાતામાં તા.૨૬.૦૬.૨૦૨૩ ના રોજ રકમ ઉધારેલ.

૪.૫ સદર ફરિયાદના અનુસંધાને લાગુ પડતા નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૪.૬, ૪.૭ અને ૪.૭૧ નીચે મુજબ નોંધાયેલ છે.

*"૪.૬ અરજદાર એવી હૈયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઈરાદો રાખે કે જેનું વીજજોડાણ કપાઈ ગયું હોય તો તેની આગલા માલિકે પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઇ કરાવવાની અને તેની પાસેથી 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેર બદલી પહેલા આગલા માલિકે કોઈ રકમ બાકીન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યું હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા માલિકે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો. પરવાનેદાર આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઈ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ કરવાની અથવા 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખ થી એક મહિનામાં આપવાનું રહેશે."*

"૪.૭ પરવાનેદાર ખાસ સમય મર્યાદામાં બાકી નીકળતી રકમ ની જાણ ન કરે કે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' રજુ ન કરે તો આગલા ગ્રાહક પાસેથી બાકી નીકળતી રકમનું કારણ રજૂ કરીને તે જગ્યાને નવું જોડાણ આપવાની ના પાડી શકશે નહીં. આવા કિસ્સામાં પરવાનેદારે કાયદાની જોગવાઈઓ અનુસાર આગલા ગ્રાહક પાસેથી તેની લેણી રકમ વસૂલ કરવાની રહેશે."

"૪.૭૧ : નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં ફેરફારને લગતી અરજીઓ અંગે પગલા ભરશે.

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે. અરજદારને નામે જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચૂકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ - ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ થી ૪.૫ નો અભ્યાસ કરતા નીચે મુજબની બાબતો સ્પષ્ટ થાય છે.

- ફરિયાદી અરજદાર દ્વારા સદર વીજજોડાણ ગ્રાહક નં-૮૮૨૪૯-૦૨૪૪૧-૯ ની જગ્યા પ્લોટ નં E-૧૦૬-AB, મેટોડા-GIDC,તા.લોધિકા જી.રાજકોટ તા.૧૬-૦૩-૨૦૨૨ થી GIDC રાજકોટના ઓફીસ હુકમ નં-૪૯૭ મુજબ પ્લોટ નં ૧૦૬-B, ખાતે રોહિતભાઈ જાદવભાઈ ભુતના નામે એલોટ કરેલ હતી,

જે નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ (પ્રોપરાઈટરશીપ શ્રી હિતેશભાઈ મગનભાઈ કથીરિયાના નામે ટ્રાન્સફર થયેલ છે.

- સદર વીજજોડાણમાં અરજદાર નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝની નામ બદલીની અરજી અન્વયે પીજીવીસીએલ દ્વારા નીયમાધીન કાર્યવાહી કરીને તા.૦૫-૦૫-૨૦૨૩ થી રોહિતભાઈ જાદવભાઈ ભુતના નામેથી નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝનાં નામે નામ બદલી કરેલ છે.
- પીજીવીસીએલ દ્વારા સદર વીજજોડાણનું મીટર તા.૧૫-૧-૨૦૨૨ ના રોજ બદલાવેલ, જેના મીટર ટેસ્ટીંગ લેબ રીપોર્ટ તા.૧૧-૨-૨૦૨૨ મુજબ જુના મીટર સીરીયલ નં- PG૦૧૯૦૧૩ માં છેલ્લા રીડીંગ ૧૧૯૧૯૨૦ નોંધાયેલ છે.
- પીજીવીસીએલની ઓડિટ ટીમ દ્વારા ગ્રામ્ય વિભાગીય કચેરીનું એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨ ના ઓડીટ રીપોર્ટ તા.૦૧.૦૬.૨૦૨૩ મુજબ સદર કનેકશનમાં લેબ પેન્ડીંગ યુનિટ ૧૪૬૩૬ (૧૧૯૧૯૨૦-૧૧૭૭૨૮૪) ની રીકવરી કાઢેલ જેની ખરાઈ કર્યા બાદ ગ્રાહકના ખાતામાં તા.૨૬.૦૬.૨૦૨૩ ના રોજ રૂ.૧૦૭૮૬૭.૩૨ રકમ ઉધારેલ.

૪.૭ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજજોડાણમાં તા.૨૫-૦૩-૨૦૨૩ ના રોજ સુઓમોટો અંતર્ગત વીજભાર વધારો ૪૯.૫ કીવો માંથી ૫૯ કીવો કરેલ તેમજ નામ બદલીની કાર્યવાહી તા.૦૫-૦૫-૨૦૨૩ થી કરેલ હતી, તેમ છતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લેબોરેટરીના રીપોર્ટ તા.૧૧-૦૨-૨૦૨૨ મુજબ જુના મીટરના છેલ્લા રીડીંગ ૧૧૯૧૯૨૦ પ્રમાણે અગાઉના છેલ્લા રીડીંગ ૧૧૭૭૨૮૪ તફાવતના ૧૪૬૩૬ યુનીટ ડેબીટ કરવાના બાકી રહી ગયેલ હોય, જે કારણે સદર કેસ ઉપસ્થિત થયેલ છે. આમ, જવાબદાર અધિકારી / કર્મચારી સામે બેદરકારી બદલ કંપનીના નિયમ મુજબની કાર્યવાહી કરવી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

પીજીવીસીએલ દ્વારા અરજદારના સદર વીજજોડાણમાં પેન્ડીંગ યુનીટની રકમ ડેબીટ કરેલ છે, જે રકમ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના રીપોર્ટ તા.૧૧-૦૨-૨૦૨૨ મુજબ બાકી રહેલ પેન્ડીંગ યુનીટની હોય, જેથી હાલના અરજદાર નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા પ્રોપર્ટી ટ્રાન્સફર અને નામ બદલી પહેલાની છે, જેથી સદર રકમ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં -૪.૭ મુજબ એટલેકે કાયદાની જોગવાઈઓ અનુસાર આગલા ગ્રાહક પાસેથી લેણી રકમ વસૂલ કરવાની રહેશે તે મુજબની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે. તેમજ સદર ફરિયાદી અરજદારના બિલીંગ ખાતામાંથી ડેબીટ કરેલ સદર વિવાદિત રકમને રદ કરવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર બાબતે કરેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને કરવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોંય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.